" સમાચાર નહીં, સાહસની વાર્તા "

ટ્રેન્ડ ગુજરાત

Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: રીજવાન મનસુરી

● PRGI Registration Number : GJGUJ/25/A3847 ● E-mail : trendgujarat024@gmail.com ● Web www.trendgujarat.tmlive.in

● Year : 01 ● Edition : 12 ● Date 24-12-2025, Wednesday ● Page : 4 ● Price : Rs.1 ● Annual : Rs. 360 ● Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# બંધારણ ખતમ કરવા માંગે છે ભાજપ : રાહુલ ગાંધી




**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
નવીદિલ્હી,

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જર્મનીના પ્રવાસ દરમિયાન ફરી એકવાર કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. બર્લિનની હર્ટી સ્કૂલમાં વિદ્યાર્થીઓને સંબોધતા રાહુલે આરોપ લગાવ્યો હતો કે, 'ભાજપ દેશના બંધારણની મૂળભૂત ભાવનાને ખતમ કરવાનું કાવતરું ઘડી રહ્યું છે અને લોકશાહીની સ્વાયત્ત સંસ્થાઓ હવે સ્વતંત્ર રહી નથી.'કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે, 'ભારતની લોકશાહી સંસ્થાઓ પર ભાજપે સંપૂર્ણ કબજો કરી લીધો છે. CBI અને ED જેવી એજન્સીઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. આ એજન્સીઓ માત્ર વિપક્ષી નેતાઓને નિશાન બનાવી રહી છે, જ્યારે ભાજપના નેતાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી. ભાજપ રાજ્યો, ભાષાઓ અને ધર્મોની સમાનતાના વિચારને નષ્ટ કરવા માંગે છે.હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીઓ પર ફરી એકવાર શંકા વ્યક્ત કરતા રાહુલ ગાંધીએ દાવો કર્યો કે, 'હરિયાણાની ચૂંટણી અમે જીત્યા જ હતા, પરંતુ મતદાર યાદીમાં બ્રાઝિલિયન મહિલાનું નામ હોવા જેવી અનેક ગેરરીતિઓ જોવા મળી હતી. અમે જ્યારે ચૂંટણી પંચને આ બાબતે પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેમણે કોઈ જવાબ આપ્યો નથી.' આ ઉપરાંત તેમણે મહારાષ્ટ્રની ચૂંટણીઓને પણ 'અન્યાયી' ગણાવી હતી.

વૈશ્વિક રાજકારણ વિશે વાત કરતા રાહુલે કહ્યું કે, 'ભારતને અગાઉ અમેરિકાના પ્રભુત્વનો ફાયદો થયો હતો, પરંતુ હવે અમેરિકા લશ્કરી અને આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે. ભારત રાજ્યોનો સંઘ છે અને કોઈ એક વ્યક્તિ આખા દેશનું ભવિષ્ય નક્કી કરી શકે નહીં. ભાજપ ચર્ચામાં માનતું નથી, જે લોકશાહી માટે ખતરો છે.'

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના આ નિવેદનો પર ભાજપે આકરી પ્રતિક્રિયા આપી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ 'X' પર લખ્યું, 'રાહુલ ગાંધી કહે છે કે જો લોકો અંદરો-અંદર લડશે, તો ભારત નિષ્ફળ જશે. શું ભારતને પ્રેમ કરનાર કોઈ ભારતને નિષ્ફળ જોવા માંગશે? રાહુલ ગાંધીની કોંગ્રેસ, તેના વૈચારિક માર્ગદર્શક જ્યોર્જ સોરોસ સાથે, ભારતીય લોકશાહીમાં અરાજકતા અને અશાંતિ ઇચ્છે છે.'

## રશિયાની સેનામાં જોડાઓ નહીં તો ડ્રગ્સ કેસમાં ફસાવી દઈશું

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
મોરબી,

ગુજરાતના મોરબીના સાહિલ મોહમ્મદ હુસૈનની એક દર્દનાક કહાની સામે આવી છે. સાહિલે આરોપ લગાવ્યો છે કે તેને ખોટા કેસમાં ફસાવીને જબરદસ્તીથી રશિયન સેનામાં સામેલ થવા માટે મજબૂર કરાયો. આ સાથે તેણે ભારતીય નાગરિકોને આ રીતે કોઈ પણ દબાણ કે લાલચમાં આવીને રશિયન સેનામાં ન જોડાવવાની અપીલ પણ કરી છે. સાહિલના જણાવ્યાં મુજબ વર્ષ ૨૦૨૪માં તે ઉચ્ચ શિક્ષણ માટે રશિયા ગયો હતો. અભ્યા દરમિયાન તેણે નાણાકીય મુશ્કેલીઓ અને વિઝા સંલગ્ન સમસ્યાઓ ભોગવવી પડી. આ દરમિયાન તેનો સંપર્ક કેટલાક સ્થાનિક રશિયન નાગરિકો સાથે થયો જે નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેપારમાં સામેલ હતા. સાહિલનો આરોપ છે કે ત્યારબાદ રશિયન પોલીસે તેને ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવી દીધો. તેણે વીડિયોમાં દાવો કર્યો કે પોલીસ અધિકારીઓએ તેને વિકલ્પ આપ્યો કે જો તે રશિયન સેનામાં સામેલ થઈ જાય તો તેના વિરુદ્ધ નોંધાયેલા કેસ પાછા ખેંચવામાં આવશે. મજબૂરીમાં સાહિલે આ પ્રસ્તાવ સ્વીકાર્યો. ત્યારબાદ તેને યુદ્ધમાં મોકલી દેવાયો જ્યાંથી તેણે આ SOS વીડિયો રેકોર્ડ કરીને ભારત સહિત દુનિયાભરના લોકો સુધી પોતાની વાત પહોંચાડવાની કોશિશ કરી.

પોતાના વીડિયો સંદેશમાં સાહિલે કહ્યું કે હું તમામને અપીલ કરું છું કે રશિયાની સેનામાં ન જોડાય. અહીં અનેક સ્કેમસ્ટર સક્રિય છે. જે ખોટા કેસમાં ફસાવીને લોકોના જીવન બરબાદ કરે છે. તેણે એમ પણ કહ્યું કે અનેક વિદેશી નાગરિકો આ પ્રકારની જાળમાં ફસાઈ ચૂક્યા છે. સાહિલે ભારત સરકાર અને પીએમ મોદીને આ મામલે હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે.

## પ્રાચીન બંદર શહેરને એક મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
ગાંધીનગર,

ગુજરાતના લોથલમાં એક રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ બનાવવામાં આવી રહ્યું છે, જેમાં નેધરલેન્ડ્સ પણ સહયોગ કરી રહ્યા છે. આ સંકુલ ભવિષ્યમાં આ પ્રાચીન બંદર શહેરને એક મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવશે. ભારત અને નેધરલેન્ડ્સે ગુજરાતના લોથલના દરિયાઈ વારસાને જાળવવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ લોથલમાં રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ (NMHC) ના નિર્માણ તરફ એક મોટું પગલું રજૂ કરે છે. આ કરાર વિદેશ મંત્રી એસ. જયશંકર અને ડચ વિદેશ મંત્રી ડેવિડ વાન વીલ વચ્ચે દ્વિપક્ષીય ચર્ચા દરમિયાન થયો હતો. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય લોથલમાં રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ (NMHC) વિકસાવી રહ્યું છે. આ કરાર બાદ, એમ્સ્ટરડેમમાં રાષ્ટ્રીય દરિયાઈ સંગ્રહાલય પણ યોગદાન આપશે. ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચેના આ કરારનો હેતુ દરિયાઈ સંગ્રહાલયના આયોજન અને ડિઝાઇનમાં પરસ્પર જ્ઞાન અને ટેકનિકલ કુશળતાનો ઉપયોગ કરવાનો છે, જેથી સંરક્ષણ અને સંરક્ષણ માટે શ્રેષ્ઠ પ્રથાઓનું આદાનપ્રદાન કરી શકાય. આ ભાગીદારી દ્વારા, બંને દેશો સંયુક્ત પ્રદર્શનોનું આયોજન કરશે, સહયોગી સંશોધનમાં જોડાશે અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમોમાં ભાગ લેશે.

બંને દેશો વચ્ચેનો આ સમજૂતી કરાર મુલાકાતીઓની ભાગીદારી, શિક્ષણ અને જનસંપર્કને વધારવા માટે નવી પદ્ધતિઓ અપનાવવાને પણ પ્રોત્સાહન આપશે. આ સંગ્રહાલયના અનુભવને વધુ સમૃદ્ધ અને ઈન્ટરેક્ટિવ બનાવશે. એકંદરે, આ સંગ્રહાલય ભારતના સમૃદ્ધ પ્રાચીન દરિયાઇ વારસાને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવામાં મદદ કરશે. લોથલને એક મુખ્ય પ્રવાસન સ્થળ બનાવવાની દિશામાં આ એક મોટું પગલું છે.ગુજરાતમાં ખંભાતના અખાત પાસે સ્થિત, લોથલ ભારતનું સૌથી જૂનું બંદર શહેર છે. તે



ભોગાવો અને સાબરમતી નદીઓ વચ્ચે આવેલું છે. મોહેંજો-દારોની જેમ, સિંધુ ખીણ સંસ્કૃતિ સાથે સંકળાયેલ લોથલનો અર્થ ×મૃતકોનો ટેકરો× પણ થાય છે. આ ૪,૫૦૦ વર્ષ જૂનું શહેર પ્રાચીન ભારતમાં સિંધુ ખીણ સંસ્કૃતિની લાક્ષણિકતા ધરાવતા સમૃદ્ધ નગર આયોજનનું એક ઉત્તમ ઉદાહરણ છે. અહીં પણ, રસ્તાઓ ૯૦ ડિગ્રી પર એકબીજાને છેદે છે, અને સંપૂર્ણ વિકસિત ડ્રેનેજ સિસ્ટમ અસ્તિત્વમાં છે. લોથલ ખાતે એક લંબચોરસ બેસિન, જેને ડોકયાર્ડ તરીકે ઓળખવામાં આવે છે, તે મળી આવ્યું છે, જે હડપ્પાના લોકોની દરિયાઈ પ્રવૃત્તિઓને સાબિત કરે છે.

## સોમનાથ જિલ્લાના માછીમારોને પાક.ની જેલમાંથી છોડાવવાની માંગ

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
ગાંધીનગર,

સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના કુલ ૧૯૭ માછીમારો છેલ્લા છ વર્ષથી પાકિસ્તાનની જેલમાં બંધ હોવાના મુદ્દે આજે માછીમારોના પરિવારજનો ગાંધીનગર સચિવાલય પહોંચ્યા હતા. માછીમારોના પરિવારોએ રાજ્ય સરકાર સમક્ષ પોતાની વેદના રજૂ કરી અને વહેલી તકે આ તમામ માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાવવા માટે કેન્દ્ર તથા રાજ્ય સ્તરે અસરકારક પગલાં લેવા વિનંતી કરી હતી.

આ મુદ્દે માછીમારોના પ્રતિનિધિ મંડળે રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણી તેમજ નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને મળી રજૂઆત કરી હતી. પ્રતિનિધિ મંડળે જણાવ્યું હતું કે, દરિયામાં માછીમારી દરમિયાન અજાણતાં આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગાઈ જવાથી પાકિસ્તાન દ્વારા આ માછીમારોને ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ છેલ્લા છ વર્ષથી તેઓ પાકિસ્તાનની વિવિધ જેલોમાં કેદ છે, જ્યારે તેમના પરિવારજનો આજે પણ તેમની વાપસીની રાહ જોઈ રહ્યા છે.

માછીમારોના પરિવારજનોનું કહેવું છે કે, પરિવારના મુખ્ય કમાવનારા સભ્યો જેલમાં હોવાના કારણે ઘરના ચૂલા સળગાવવા મુશ્કેલ બન્યા છે.

ઘણા પરિવારો આર્થિક સંકટમાં ફસાયા છે, તો ક્યાંક બાળકોનું શિક્ષણ પણ ખોરવાયું છે. વૃદ્ધ માતા-પિતા અને પત્નીઓ સતત માનસિક તાણમાં જીવી રહ્યા છે. સરકાર તરફથી આશ્વાસન મળતું હોવા છતાં, લાંબા સમયથી કોઈ નક્કર પરિણામ ન આવતાં પરિવારોમાં નારાજગી અને નિરાશા વધી રહી છે.

આ રજૂઆત દરમિયાન રાજપરા બંદર, ઉના તાલુકા (જિલ્લો સોમનાથ)ના સરપંચ ભરતકુમાર વાઘજીભાઈએ જણાવ્યું હતું કે, ''છ વર્ષનો સમય બહુ લાંબો હોય છે. અમારા માછીમારો કોઈ ગુનાહિત મનસૂબાથી સરહદ ઓળંગતા નથી. દરિયામાં માછીમારી દરમિયાન દિશા ભટકવાથી તેઓ પાકિસ્તાનની હદમાં પહોંચી જાય છે. સરકાર અમારી વેદનાને સમજે અને માનવીય દૃષ્ટિકોણથી આ મુદ્દે ગંભીર પ્રયાસ કરે.''

માછીમારોના પરિવારજનોના જણાવ્યા અનુસાર, કુલ ૧૯૭ માછીમારો હજુ પણ પાકિસ્તાનની જેલોમાં બંધ છે. આ તમામ માછીમારોની યાદી અગાઉ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને પણ આપવામાં આવી છે. આ મુદ્દે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પણ અગાઉ સંસદમાં પ્રશ્ન ઉઠાવીને કેન્દ્ર સરકારનું ધ્યાન દોર્યું હતું, છતાં હજુ સુધી તમામ માછીમારોની વાપસી શક્ય બની નથી.



## ચાર નાની બાળકીઓ પર દુષ્કર્મ ગુજારનારને છેલ્લા શ્વાસ સુધીની જેલનો હુકમ કરાયો

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
ખેડા,

જિલ્લાના વસો તાલુકાના એક ગામમાં ગત વર્ષે એક અત્યંત શર્મજનક ઘટના બની હતી. વ્યવસાયે આર્ટિસ્ટ અને પાડોશમાં રહેતા ૫૪ વર્ષીય ચંદ્રકાંત પટેલ નામના શખ્સે પોતાની વિકૃતિનો શિકાર પાડોશમાં જ રહેતી ૪ નાની બાળકીઓને બનાવી હતી. જેની સાથે પરિવારોને જમવા સુધીના સંબંધો હતા અને બાળકીઓ જેમને દાદા કહીને માન આપતી હતી, તે જ શખ્સે ચોકલેટ અને ખાવાની લાલચ આપી આ માસૂમોનું શારીરિક શોષણ કર્યું હતું.

નડિયાદ સેશન્સ કોર્ટના જજ પી.પી.પુરોહિતે આરોપીને પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ દોષિત ઠેરવીને જીવનના છેલ્લા શ્વાસ સુધી જેલની સજાનો હુકમ કર્યો છે. આ પાપનો ઘડો ત્યારે ફૂટ્યો જ્યારે એક બાળકીએ હિંમત દાખવીને તેની માતાને આપવીતી જણાવી. તપાસ કરતા ખબર પડી કે, અન્ય ૩ બાળકીઓ પણ આ નરાધમની હવસનો શિકાર બની હતી. ૧૪ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ફરિયાદ નોંધાતા જ ખેડા જિલ્લા પોલીસ એક્શનમાં આવી હતી. DySP વિમલ બાજપાઈ અને PI ભીમાણી ની ટીમે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીના ઘરેથી મળેલા પુરાવા અને તેના મોબાઈલમાંથી મળી આવેલા વાંધાજનક ફોટા-વીડિયોએ આ કેસમાં કડીરૂપ ભૂમિકા ભજવી હતી. ન્યાયિક પ્રક્રિયા દરમિયાન સરકારી વકીલ પ્રેમ તિવારીએ કોર્ટમાં ધારદાર દલીલો કરી હતી. સરકાર પક્ષે કુલ ૪૫ દસ્તાવેજી પુરાવા અને ૧૯ સાક્ષીઓની જુબાની રજૂ કરવામાં આવી હતી. ચારેય પીડિત બાળકીઓની જુબાની કાયદાની જોગવાઈ મુજબ અત્યંત સુરક્ષિત અને ભયમુક્ત વાતાવરણમાં લેવામાં આવી હતી. પોલીસે પુરાવા એકત્ર કરવા માટે FSLની પણ મદદ લીધી હતી, જેથી આરોપીનો ગુનો સાબિત કરવામાં સફળતા મળી હતી.

નડિયાદ સેશન્સ કોર્ટના જજ પી.પી.પુરોહિતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અવલોકન કર્યું કે આ કૃત્ય અક્ષમ્ય છે. કોર્ટે આરોપીને પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ દોષિત ઠેરવીને જીવનના છેલ્લા શ્વાસ સુધી જેલની સજાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત, પીડિત પરિવારોને આર્થિક સહાય તરીકે ૨ લાખ રૂપિયાનું વળતર આપવાનો પણ આદેશ કર્યો છે.

## વિશ્વભરના એક લાખથી વધુ પાટીદાર બિઝનેસમેન ભેગા થશે

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
અમદાવાદ,

ગુજરાતના પાટીદારો ફરી એકવાર પોતાનું શક્તિ પ્રદર્શન કરવા જઈ રહ્યાં છે. અમદાવાદમાં સમસ્ત પાટીદાર સમાજનું યુવા મહાસંમેલનનું આયોજન કરાયું છે. વિશ્વ ઉમિયાધામ ખાતે ૨૮ ડિસેમ્બરે મહાસંમેલન યોજાશે. જેમાં અમેરિકા સહિત ૭ દેશમાંથી પાટીદાર યુવા બિઝનેસમેન સામેલ થશે. તેમજ ૨૦ હજારથી વધુ યુવા બિઝનેસમેન મહાસંલેનમાં ભાગ લેશે. વિશ્વઉમિયાધામ યુવા બિઝનેસ મહાસંમેલન ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય મહેમાન બનશે. ૨૮ ડિસેમ્બરે ૩ વાગ્યે અમિત શાહની ઉપસ્થિતિમાં મહાસંમેલનનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત પાટીદાર મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

આ મહાસંમેલનનો મુખ્ય હેતુ બિઝનેસ ક્ષેત્ર સાથે સંકળાયેલા એક લાખથી વધુ પાટીદારોને એક મંચ પર લાવવાનો છે. અમદાવાદના જાસપુર વિશ્વ ઉમિયાધામ ખાતે આ સંમેલન ૨૮ ડિસેમ્બરે બપોરે ૩ વાગ્યાથી આયોજિત થશે. ઈતિહાસમાં પ્રથમવાર સમસ્ત પાટીદાર સમાજના યુવા ઉદ્યોગ સાહસિકોને એકસાથે જોડવા માટે યુવા બિઝનેસ મહાસંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પાટીદાર મંત્રીઓની ઉપસ્થિતિ જોવા મળશે. જેમાં કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરીયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત કાર્યવાહક શૈલેષ પટેલ, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી અને રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેંકરીયાની હાજરી ખાસ બની રહેશે. તો અમિત શાહની હાજરીમાં યુવા સંમેલનનો પ્રારંભ થશે. તો રાજકોટ જીલ્લા બેંકના ચેરમેન તથા ધારાસભ્ય જયેશ રાદડિયા પણ ઉપસ્થિત રહેશે.

આમ, વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટના ઉમિયા માતાજીના મંદિર નિર્માણની સાથે સામાજિક-આર્થિક સશક્તિકરણનો નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. જેમાં માત્ર બિઝનેસ જ નહીં, પરંતુ રમતગમત ક્ષેત્રે પણ યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ સંમેલનનો હેતુ ધર્મ, શિક્ષણ અને રોજગારને વેગ આપવાનો છે. તેથી સંમેલન બાદ ગુજરાતમાં રહેતા પાટીદાર યુવાનો અમેરિકા ગયા વિના પણ ત્યાંના ઉદ્યોગપતિઓ સાથે સીધો વેપાર કરી શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે.

# માનવતાની હત્યા! ૨૪ મૂકબધીર યુવતીઓ સાથે કર્યું જાતીય શોષણ



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
મુંબઈ,

માનવતાને શરમાવે તેવી ભયાનક ઘટના મુંબઈમાંથી સામે આવી છે. પોલીસે એક સીરીયલ બળાત્કારીની ધરપકડ કરી છે, જેણે મૂકબધીર મહિલાઓને શિકાર બનાવ્યો હતો. ૧૬ વર્ષ જૂના બળાત્કારના કેસ પર કાર્યવાહી કરતા, આરોપીએ પૂછપરછ દરમિયાન એક કે બે નહીં, પરંતુ ૨૪ મૂકબધીર મહિલાઓનું જાતીય શોષણ કર્યાની કબૂલાત કરી હતી. જણાવી દઈએ કે, આરોપીનું નામ મહેશ પવાર છે, અને પોલીસે ૧૩ ડિસેમ્બરે તેની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, બળાત્કાર પીડિતા મૂકબધીર છે, આથી બોલી કે સાંભળી શકતી નથી. જોકે, જાતીય શોષણથી કંટાળીને, તેણીએ પોતાનું મૌન તોડ્યું અને આરોપી વિરુદ્ધ જુબાની આપી હતી. પીડિતા પર ૨૦૦૯ માં બળાત્કાર થયો હતો, અને તેણીએ વોટ્સએપ વીડિયો કોલ દરમિયાન સાંકેતિક ભાષામાં ઘટનાની વિગતો તેના મિત્રો સાથે શેર કરી હતી. તેણીએ તેના મિત્રોને જણાવ્યું કે, આ ઘટના તે સગીર હતી ત્યારે બની હતી. પીડીતાએ જણાવ્યું કે, એક બહેનપણી તેને પ્રવાસ પર લઈ જવાના બહાને મુંબઈ લઈ ગઈ હતી. ત્યાં, તેની સાથે રહેલા આ આરોપીએ તેણીને દારૂ પીવડાવ્યો અને તેના પર જાતીય શોષણ કર્યું હતું. તે ડરથી ચૂપ રહી, પરંતુ તાજેતરમાં જ ખબર પડી કે, તે વ્યક્તિ તેની મિત્રનું પણ જાતીય શોષણ કરી રહ્યો હતો, અને તેના કૃત્યોને કારણે તેણીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાએ તેણીને ખૂબ જ હચમચાવી દીધી હતી. તેણીએ ચૂપ ન રહેવાની કસમ લીધી અને તેના મિત્રોને ઘટના વિશે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતાની જુબાનીના આધારે, તેઓએ કેસ નોંધ્યો અને આરોપીની ધરપકડ કરી હતી. પીડિતાની બહેનપણીને પણ તપાસમાં સામેલ કરવામાં આવી અને તેનું નિવેદન નોંધવામાં આવ્યું છે. પીડિતાએ જણાવ્યું કે, આરોપીએ ઘણી સ્ત્રીઓ પર જાતીય શોષણ કર્યું હતું, અને વર્ષોથી આવું કરી રહ્યો હતો. તેણે મહિલાઓના અશ્લીલ વીડિયો પણ બનાવ્યા, તેમને બ્લેકમેલ કર્યા અને તેમના પૈસા અને કિંમતી વસ્તુઓ પણ લૂંટી લીધી હતી. તેમની જુબાનીના આધારે, આરોપીની ઓળખ કરવામાં આવી અને તેની ધરપકડ કરવામાં આવી છે.

### મેરઠ બ્લ્યૂ ડ્રમ જેવો હત્યાકાંડ

# પ્રેમી સાથે મળીને પત્ની કરી પતિની હત્યા, લાશના ટુકડા શહેરમાં ફેંક્યા

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
સંભલ,

ઉત્તર પ્રદેશના મેરઠમાં બનેલી કુખ્યાત ×મુસ્કાન ઘટના× ની યાદો સંપૂર્ણપણે ઝાંખી પડી ન હતી ત્યારે સંભલ જિલ્લાના ચંદૌસીમાં આવી જ ભયાનક ઘટના સામે આવી. અહીં, એક પત્નીએ તેના પ્રેમી સાથે મળીને તેના પતિની ક્રૂરતાથી હત્યા કરી અને તેના શરીરના ટુકડા પણ કરી દીધા. આ ટુકડાઓ પછી પોલિથીન બેગમાં પેક કરીને વિવિધ સ્થળોએ ફેંકી દેવામાં આવ્યા. પોલીસે સંભલ જિલ્લાના ચંદૌસીમાં સાત દિવસ પહેલા એક થેલીમાં મળેલા ધડનો રહસ્ય ઉકેલી નાખ્યો છે. આ કેસમાં મૃતક રાહુલની પત્ની રૂબી અને તેના પ્રેમી ગૌરવની ધરપકડ કરવામાં આવી છે. રૂબીએ તેના પ્રેમી સાથે મળીને ૧૮-૧૯ નવેમ્બરની રાત્રે તેમના ઘરમાં લોખંડના સળિયાથી તેના પતિની હત્યા કરી હતી અને પછી બજારમાંથી ખરીદેલા ગ્રાઈન્ડરનો ઉપયોગ કરીને શરીરને ટુકડા કરી નાખ્યું હતું. પોતાની ઓળખ છુપાવવા માટે, આરોપીઓએ માથું અને પગ બીજા વિસ્તારમાં





ફેંકી દીધા હતા, જ્યારે ધડ પતરૌઆ રોડ પર એક ગટર પાસે એક થેલીમાં મૂકવામાં આવ્યું હતું. પોતાને બચાવવા માટે, ચાલાક પત્ની ૨૪ નવેમ્બરે તેના પતિના ગુમ થવાની ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન ગઈ હતી.

હકીકતમાં, ૧૫ ડિસેમ્બરે, ચંદૌસી પોલીસને એક ત્યજી દેવાયેલી થેલી મળી હતી, જેમાં અડધું શરીર હતું. મૃતદેહના હાથ પર ×રાહુલ× નામનું ટેટૂ હતું, જેના કારણે તેની ઓળખ માટે પ્રયાસો શરૂ થયા. પોલીસે ગુમ થયેલા વ્યક્તિઓના રજિસ્ટર તપાસ્યા અને તેના પતિ રાહુલને શોધતી એક મહિલાનો રિપોર્ટ મળ્યો. જ્યારે રૂબીને પૂછપરછ માટે બોલાવવામાં આવી, ત્યારે તેણે શરૂઆતમાં મૃતદેહ ઓળખવાનો ઈંકાર કર્યો. જોકે, તેના મોબાઈલ ફોન પર મળેલા ફોટોગ્રાફ્સ અને તેના નિવેદનો વચ્ચે વિરોધાભાસ જણાતાં, તે ભાંગી પડી અને કબૂલાત કરી.

તપાસમાં જાણવા મળ્યું કે ૧૮ નવેમ્બરના રોજ રાહુલે તેની પત્ની રૂબીને તેના પ્રેમી ગૌરવ સાથે વાંધાજનક સ્થિતિમાં જોઈ હતી. રાહુલે તેના પર હુમલો કર્યો અને તેની સામે સરઘસ કાઢવાની ધમકી આપી. ડર અને રોષથી, રૂબી અને ગૌરવે રાહુલની હત્યાનું કાવતરું ઘડ્યું. બીજા દિવસે સવારે ૯ વાગ્યે, તેઓએ મૃતદેહનો નિકાલ કરવા માટે બજારમાંથી બેગ, પોલીથીન બેગ અને ગ્રાઈન્ડીંગ મશીન ખરીદ્યું. પોલીસે હત્યામાં વપરાયેલ હથિયાર અને ગ્રાઈન્ડીંગ મશીન જપ્ત કર્યું છે.

મૃતક રાહુલની નિર્દોષ પુત્રીએ તેની માતા અને તેના પ્રેમીઓના કાળા કાંડનો ખુલાસો કર્યો છે. છોકરીએ કહ્યું કે ગૌરવ અને તેનો મિત્ર અભિષેક વારંવાર ઘરમાં આવતા હતા. તેઓ બાળકોને ચોકલેટ આપીને તેમના રૂમમાંથી બહાર કાઢતા અને રાહુલને મારી નાંખવાની વાત કરતા. દીકરીએ કહ્યું કે ઘટનાના દિવસે તેઓ શાળામાં હતા. હવે, માસુમ છોકરી તેની પોતાની માતા માટે મૃત્યુદંડની માંગ કરી રહી છે. સંભાલ પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કર્યા છે. આરોપીઓએ આપેલી માહિતીના આધારે, એક ગ્રાઈન્ડર, એક હથોડી, એક લોખંડનો સળિયો અને બે મોબાઈલ ફોન મળી આવ્યા છે. શરીરના ભાગોનો નિકાલ કરવા માટે ઉપયોગમાં લેવાતી એક મોટરસાઈકલ, એક સ્કૂટર અને એક કાર પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસ આ કેસમાં અન્ય સાથીઓની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે.

## તંત્રી સ્થાનેથી..

# ૨૦૦૮ પછી ૨૦૨૫માં સૌથી વધુ ઓપન ઑફર

૨૦૨૫ મર્જર એન્ડ અક્વિઝિશન (સ્હ્ઠ) માટે એક પ્રોત્સાહક વર્ષ રહ્યું છે, મર્જર એન્ડ અક્વિઝિશનમાં વધારો મુખ્યત્વે ખાનગી ઈક્વિટી પ્રવૃત્તિમાં વધારાને કારણે હતું. વર્ષ દરમિયાન, દર અઠવાડિયે લગભગ બે મર્જર એન્ડ અક્વિઝિશન ઓપન ઑફર્સ રહ્યા હતા. સંકલિત ડેટા અનુસાર, ૨૦૨૫માં નોંધપાત્ર હિસ્સો સંપાદન અથવા નિયંત્રણમાં ફેરફાર પછી વધારાના શેર ખરીદવા માટે ઓપન ઑફર્સની સંખ્યા ૧૨૧ હતી. જે છેલ્લા ૧૭ વર્ષમાં સૌથી વધુ અને ૧૯૯૭ પછી બીજા ક્રમે સૌથી વધુ છે. અગાઉનો ઉચ્ચ સ્તર ૨૦૦૮માં ૧૩૩ હતો.

૨૦૨૫માં રૂ. ૪૧,૪૪૩.૯૫ કરોડની આફર રકમ મૂલ્યની દ્રષ્ટિએ ત્રીજો સૌથી વધુ છે. ૨૦૧૩માં ઓફરની રકમ રૂ. ૪૭,૪૭૩.૭૭ કરોડ અને ૨૦૨૨માં રૂ. ૪૫,૬૪૯.૩૯ કરોડ નોંધાઈ હતી.

આમાં સામાન્ય રીતે એક વર્ષની અંદર કંપનીમાં ૫% થી વધુ હિસ્સો હસ્તગત કરતી કંપનીઓ, કુલ ૨૫% હિસ્સો હસ્તગત કરતી કંપનીઓ અથવા કંપનીના નિયંત્રણમાં ફેરફારનો સમાવેશ થાય છે. મોટાભાગની ઓપન ઓફર કંપનીમાં ઓછામાં ઓછો વધારાનો ૨૬% હિસ્સો હસ્તગત કરવાનો પ્રયાસ કરે છે અને સંપાદન પછી જાહેર શેરધારકો માટે બહાર નીકળવાની તક પૂરી પાડે છે.

બહાર નીકળતા શેરધારકો સામાન્ય રીતે સંપાદનની આસપાસના સંજોગોના આધારે, ૬૦ દિવસથી બાવન અઠવાડિયાના સમયગાળામાં સંપાદન કિંમત અથવા કંપનીના શેરના વોલ્યુમ-વેઈટેડ ભાવ પર આધારિત કિંમત મેળવે છે.

આ વર્ષની મુખ્ય ઓપન ઓફર્સમાં ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ દ્વારા જેબી કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ માટે ઓફર (રૂ. ૬,૮૪૨.૮૦ કરોડ), ખાનગી ઈક્વિટી ફર્મ ઝ્રઝ્ર કેપિટલના એકમ એક્વિલો હાઉસ દ્વારા હાઉસિંગ ફાઈનાન્સ કંપની આવાસ ફાયનાન્સરી (રૂ. ૩,૬૮૨.૧૫ કરોડ) અને આઈએચએચ હેલ્થકેર દ્વારા ફોર્ટિસ હેલ્થકેર (રૂ. ૩,૩૪૯.૪૪ કરોડ) ને હસ્તગત કરવાનો સમાવેશ થાય છે.

# વિજય હજારે ટ્રોફી માટે ૧૮ સભ્યોની ટીમની જાહેરાત

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
મુંબઈ,

ભારતીય ક્રિકેટ ટીમનું ૨૦૨૫નું અભિયાન પૂર્ણ થઈ ગયું છે અને ટીમ ઈન્ડિયા નવા વર્ષમાં ફરી એકવાર મેદાનમાં ઉતરશે. ભારતીય ટીમ જાન્યુઆરીમાં ન્યુઝીલેન્ડ સામે એક ODI શ્રેણી અને પછી T20 શ્રેણી રમશે. ટીમ ઈન્ડિયાની હજુ સુધી ODI શ્રેણી માટે જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ તાજેતરમાં T20 ટીમની જાહેરાત કરવામાં આવી છે. રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં ખરાબ પ્રદર્શનને કારણે શુભમન ગિલનો T20 ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. આ જ કારણ છે કે જ્યારે T20 ટીમની જાહેરાત કરવામાં આવી ત્યારે ગિલનું નામ T20 ટીમમાં સામેલ કરવામાં આવ્યું નહોતું. જોકે ગિલ T20 ટીમમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ ગયો હતો, પરંતુ હવે તેનો વિજય હજારે ટ્રોફી માટે પસંદ કરાયેલી ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પંજાબ ક્રિકેટ એસોસિએશને આગામી વિજય હજારે ટ્રોફી માટે ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરી છે, જેમાં ત્રણ ભારતીય આંતરરાષ્ટ્રીય ખેલાડીઓનો શુભમન ગિલ, અભિષેક શર્મા અને અર્શદીપ સિંહનો સમાવેશ થાય છે. પંજાબ ૨૪ ડિસેમ્બરે મહારાષ્ટ્ર સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ ત્રણ સ્ટાર ખેલાડીઓ ઉપરાંત, પંજાબે પાવર-હિટર્સ અને ઓલરાઉન્ડર્સ ધરાવતી સંતુલિત ટીમ પસંદ કરી છે. વિકેટકીપર-બેટ્સમેન પ્રભસિમરન સિંહ, નમન ધીર, અનમોલપ્રીત સિંહ, રમણદીપ સિંહ, સનવીર સિંહ અને હરપ્રીત બ્રારનો ટીમમાં સમાવેશ થાય છે. ગુર્નુર બ્રાર અને ક્રિશ ભગત ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે.

પંજાબે હજુ સુધી સત્તાવાર જાહેરાતમાં ટીમના કેપ્ટનનું નામ જાહેર કર્યું નથી, જેના કારણે કેપ્ટનશીપ અંગે અટકળો શરૂ થઈ છે. જોકે, સમગ્ર ટુર્નામેન્ટ માટે શુભમન ગિલ, અભિષેક શર્મા અને અર્શદીપ સિંહની ઉપલબ્ધતા હજુ સ્પષ્ટ નથી. ભારતીય ટીમ ૧૧ જાન્યુઆરીથી ન્યુઝીલેન્ડ સામે ત્રણ મેચની ODI શ્રેણી રમવાની છે, ત્યારબાદ ૨૧ જાન્યુઆરીથી પાંચ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમવાની છે. શુભમન ગિલને તાજેતરમાં T20 વર્લ્ડ કપ અને ન્યુઝીલેન્ડ સામેની T20 શ્રેણી માટે ભારતીય T20 ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો, પરંતુ તે ODI ટીમનું નેતૃત્વ કરશે. અભિષેક શર્મા અને અર્શદીપ સિંહ T20 આંતરરાષ્ટ્રીય ટીમનો ભાગ છે. ગત સિઝનમાં પંજાબ ક્વાર્ટર ફાઈનલમાં હાર્યા બાદ વિજય હજારે ટ્રોફીમાંથી બહાર થઈ ગયું હતું. અર્શદીપ સિંહ ૨૦૨૪-૨૫ સિઝનમાં ટીમનો સૌથી સફળ બોલર હતો. આ વખતે પંજાબ તેની બધી સાત લીગ મેચ જયપુરમાં રમશે. પંજાબના ગ્રુપમાં છત્તીસગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, ગોવા અને મુંબઈ જેવી ટીમો શામેલ છે. લીગ સ્ટેજ મેચો ભારત-ન્યુઝીલેન્ડ ODI શ્રેણી શરૂ થવાના ત્રણ દિવસ પહેલા ૮ જાન્યુઆરીએ સમાપ્ત થશે. વિજય હજારે ટ્રોફી માટે પંજાબની ટીમ : શુભમન ગિલ, અભિષેક શર્મા, અર્શદીપ સિંહ, પ્રભસિમરન સિંઘ (વિકેટકીપર), હરનૂર પન્નુ, અનમોલપ્રીત સિંઘ, ઉદય સહારન, નમન ધીર, સલિલ અરોરા (વિકેટકીપર), સનવીર સિંહ, રમણદીપ સિંહ, જશનપ્રીત સિંહ, ગુરનૂર બ્રાર, હરપ્રીત બ્રાર, રઘુ શર્મા, ક્રિશ ભગત, ગૌરવ ચૌધરી, સુખદીપ બાજવા.

# નવલખી ગ્રાઉન્ડમાં ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
વડોદરા

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન અને વ્રજધામ આધ્યાત્મિક સંકુલ દ્વારા વડોદરાના નવલખી ગ્રાઉન્ડમાં હાલ ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ ચાલી રહ્યો છે. ૨૧થી ૨૯ ડિસેમ્બર સુધી ચાલનારા આ મહોત્સવમાં ભક્તોને એક જ જગ્યાએ ચારધામ સહિતના ભારતના તમામ તીર્થોના દર્શન થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત વિશાળ હિમાલય પર્વતની પ્રતિકૃતિ પણ તૈયાર કરવામાં આવી છે. જેને જોવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે. વડોદરાના નવલખી ગ્રાઉન્ડમાં હાલ હજારોની સંખ્યામાં ભક્તોનો માનવ મહેરામણ ઉભરાયો છે. અહીં વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીના મુખે કથા સાંભળવા માટે લોકો ઉમટી રહ્યા છે. નવલખી ગ્રાઉન્ડમાં પ્રવેશતા જ વિશાળ પ્રવેશદ્વાર તૈયાર કરાયો છે. જે જોઇને તમને કોઇ મહેલમાં પ્રવેશ કરતા હોય એવી અનુભૂતી થશે. અંદર પ્રવેશ કર્યા બાદ વિશાળ ડોમમાં વિવિધ તીર્થધામોની પ્રતિકૃતિઓ તૈયાર કરવામાં આવી છે, જે જોઇને તમને એ તીર્થ જોયાની અનુભૂતિ થશે. અહીં પ્રવેશ કરતા જ સૌથી પહેલા જમણી તરફ તમને તિરુપતિબાલાજીના દર્શન થશે. જે ખૂબ જ મનમોહક છે. ત્યારબાદ પદમનાભ સ્વામી, દ્વારકા, નાથદ્વારા, અયોધ્યા, બંદ્રીનાથ, કેદારનાથ, વૃંદાવન, જગન્નાથપુરી, રામેશ્વરના દર્શન થશે. આ બધા ડોમની વચ્ચે ગોવર્ધન પર્વત ઉભો કરાયો છે. જેની ઉપર વાંસળી વગાડતા ભગવાન શ્રીકૃષ્ણ દ્રશ્યમાન થાય છે. આ ગોવર્ધન પર્વતની પ્રદશિણા કરીને ભક્તો પણ ધન્યતા અનુભવી રહ્યા છે. અહીંથી બહાર નીકળ્યા બાદ આગળ વિશાળ હિમાલયની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે. અહીં રાત્રિના સમયે ભક્તો હિમાલયની ગુફાઓમાં પ્રવેશ કરીને દર્શન કરી શકે છે. ગુફાઓમાં શેષનાગ પર ભગવાન શ્રીકૃષ્ણ અને રામ દરબાર જેવા પ્રસંગોને જીવંત કરવાનો પ્રયાસ કરાયો છે. અહીં ગુફાની લાઈટીંગ સાથેના વિવિધ પ્રસંગો લોકો માટે આકર્ષણરૂપ બન્યા છે. છેલ્લે બિઝનેસ સમિટ અને બિઝનેસ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ હાજર રહે છે અને નિષ્ણાતો દ્વારા વકતવ્ય ચાલે છે. જામનગરથી આવેલા હેમાબેન સંઘાણીએ જણાવ્યું હતું કે, અમે અહીં ૮૪ બેઠકના દર્શન કર્યાં, ચારધામના દર્શન કર્યાં, ગોવર્ધન પર્વતની પરિક્રમા કરી, અહીં ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું છે, આખા દેશના તમામ તીર્થના દર્શનનો અહીં એક જ જગ્યાએ દર્શન કરવાનો અમને લ્હાવો મળ્યો છે. અમે ૬૦ લોકો એકસાથે જામનગરથી આવ્યા છીએ. અહીં આવીને ધન્યતાનો અનુભવ થયો છે. જુનાગઢથી આવેલા વિજયભાઇ ભલાણીએ જણાવ્યું હતું કે, અહીં આવીને અમને ખૂબ જ આનંદ થયો છે. ખૂબ સારુ આયોજન કરાયું છે. ભારતના મોટો મોટા ધામના અહીં દર્શન થયા છે. અમે વ્રજરાતબાવાની વ્રજનગરીમાં આવી ગયા છીએ. અમે ઘણી જગ્યાએ મહોત્સવમાં જઈએ છીએ પણ આવું આયોજન પહેલીવાર જોયું છે. અમે જુનાગઢ શહેરમાંથી ૭ બસ અને જુનાગઢ જિલ્લામાંથી ૨૨ બસ લઈને આવ્યા છીએ. ભારતભરના મુખ્ય તીર્થોને વડોદરાના નવલખી ગ્રાઉન્ડની પધરાવવામાં આવ્યા ફર્ઈના ગ્લોબલ પ્રેસિડેન્ટ રાજીવ શાહે જણાવ્યું હતું કે, વડોદરાના નવલખી ગ્રાઉન્ડમાં ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ શરૂ થયો છે. અહીંની ઘણી બધી યુનિકનેશ છે. સૌથી મોટી ખાસિયત એ છે કે, ભારતભરના મુખ્ય તીર્થોને વડોદરાના નવલખી ગ્રાઉન્ડની પધરાવવામાં આવ્યા છે. ચારધામ, અયોધ્યા રામમંદિર, નાથદ્વારા, તિરુપતિબાલાજી મંદિર અને ભગવાન શ્રીકૃષ્ણએ ઉચકેલા ગોવર્ધનને પણ અહીં ઉભો કરવામાં આવ્યો છે અને એની ઉપર ભગવાન કૃષ્ણને બેસાડવામાં આવ્યા છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અહીં હિમાલય પણ ઉભો કરવામાં આવ્યો છે. જ્યાંની ગુફાઓમાં વિવિધ દ્રશ્યો ઉભા કરીને સ્ટોરી ટેલિંગની વ્યવસ્થા ઉભી કરી છે. અહીં વ્રજરાજકુમારના મુખે કથાનું પણ આયોજન કર્યું છે. સાથે-સાથે બિઝનેસ સમિટ અને બિઝનેસ એક્સપોનું પણ આયોજન કર્યું છે અને નિઃશુલ્ક ભોજન પ્રસાદીનું આયોજન કર્યું છે. હું તમામ લોકોને અહીં આવવા માટે આમંત્રણ આપુ છું.




અત્રે ઉલ્લેખનીય છે કે, ફર્ઈ (વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન) અને વ્રજધામ આધ્યાત્મિક સંકુલ દ્વારા વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારની અધ્યક્ષતામાં વૈષ્ણવ સંપ્રદાયના ૫૫૦ વર્ષના ઈતિહાસનો સૌથી મોટો વૈશ્વિક મહોત્સવ વડોદરામાં શરૂ થયો છે. જેમાં વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર દ્વારા મુખ્ય શ્રીમદ્ ભાગવત કથાનું પણ કરાવી રહ્યા છે. ૨૧થી ૨૯ ડિસેમ્બર સુધી ચાલનારા ગ્લોબલ હિન્દુ પ્રેરણા મહોત્સવમાં વડોદરા ઉપરાંત ગુજરાત અને દેશ-વિદેશથી લાખો લોકો ઉમટી રહ્યા છે. અમેરિકા સહિત વિવિધ દેશોમાંથી લોકો મહોત્સવમાં ભાગ લેવા માટે વડોદરા આવી રહ્યા છે. વૈષ્ણાવાચાર્ય વ્રજરાજકુમાર દ્વારા સ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની વિશ્વસ્તરની સંસ્થા ફર્ઈ, જે આજે વિશ્વના ૧૫ દેશોમાં સક્રિય રીતે કાર્યરત છે, તેની ૧૫ વર્ષની ઉજવણી તથા પુષ્ટિમાર્ગનું ગુજરાતનું સૌથી મોટું આધ્યાત્મિક કેન્દ્ર વ્રજધામ આધ્યાત્મિક સંકુલના ૨૫માં વર્ષની ઉજવણી નિમિત્તે ગ્લોબલ હિંદુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવનું ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું છે.

# બનાસકાંઠા અને વાવ - થરાદ જિલ્લામાં ૧૧ હેલ્પ ડેસ્ક કમ ડોક્યુમેન્ટ કલેક્શન સેન્ટર કાર્યરત કરાયા




**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના No Mapping અને Uncollectable (EF) કેટેગરી સહિતના કોઈપણ મતદારોના પુરાવા જમા કરાવવા માટે તેમજ નાગરિકોને ફોર્મ ૬, ૬અ, ૭ અને ૮ સંબંધિત જરૂરી માર્ગદર્શન સરળતાથી મળી રહે તે માટે પાલનપુર કલેક્ટર કચેરી તથા મતદાર નોધણી અધિકારી સહિતની કુલ ૧૧ કચેરીઓ ખાતે હેલ્પ ડેસ્ક કમ ડોક્યુમેન્ટ કલેક્શન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.

આજરોજ પાલનપુર કલેક્ટર કચરી ખાતે નિવાસી અધિક જિલ્લા કલેક્ટરશ્રી સી.પી.પટેલ દ્વારા ડોક્યુમેન્ટ કલેક્શન સેન્ટર કમ હેલ્પ ડેસ્ક સેન્ટરનું રીબીન કાપીને ઉદઘાટન કરાયું હતું.

બનાસકાંઠા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બી.જી. નિનામાએ જણાવ્યું કે, SIR અંતર્ગત બનાસકાંઠા અને વાવ - થરાદ જિલ્લામાં મળીને કુલ ૧૧ હેલ્પ ડેસ્ક કમ ડોક્યુમેન્ટ કલેક્શન સેન્ટર કાર્યરત કરાયા છે. જેમાં એક - એક સેન્ટર પાલનપુર તથા થરાદ કલેકટર કચેરી ખાતે અને બાકીના ૯ સેન્ટર મતદાન નોંધણી અધિકારીશ્રીઓની કચેરીઓ ખાતે કાર્યરત કરાયા છે. આ સેન્ટર સવારે ૧૦ કલાક થી લઈને સાંજે ૬.૧૦ સુધી ચાલુ રહેશે. જાહેર રજાઓના દિવસ સિવાય આ સેન્ટરો ખાતે બનાસકાંઠા અને વાવ થરાદ જિલ્લાના No Mapping મતદારો પોતાના ડોક્યુમેન્ટ સબમિટ કરાવી શકશે. નવા મતદારો પણ પોતાના ફોર્મ આ સેન્ટર મારફત જમા કરાવી શકશે.SIR બાબતે કોઈપણ મૂંઝવણ હોય તો આ સેન્ટર ખાતે માહિતી મળી રહેશે.

# જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનનું વાર્ષિક અધિવેશન એકલિંગજી ખાતે યોજાઈ ગયું



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
બે દિવસીય જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનનું વાર્ષિક અધિવેશન એકલિંગજી(રાજ) મુકામે યોજવામાં આવ્યું જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન સેવાકીય કાર્યો માટે કાર્ય કરતી એક સંસ્થા છે જેની સેવા માટે એક આગવી ઓળખ છે આ કાર્યક્રમમાં જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વાઈસ ચેરમેન શ્રી ટ્રસ્ટી મંડળ કાઉન્સિલિંગના સભ્યો અને જાયન્ટ્સ ના સભ્ય દ્વારા યોજવામાં આવી જેમાં ૬૦ ગ્રુપમાંથી ૫૦૦ સભ્યો ઉપસ્થિત રહ્યા જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન મોડાસા માટેના પદાધિકારીઓમાં જાયન્ટસ મોડાસાના પ્રમુખ તરીકે શ્રી અમરીશ પંડ્યા અને મંત્રી તરીકે વિનોદ ભાવસાર તેમજ જાયન્ટસ મોડાસા સહિયરના પ્રમુખ તરીકે શર્મિષ્ઠાબેન દરજી અને મંત્રી તરીકે છાયાબેન સોનીની નિમણૂક કરવામાં આવી જાયન્ટ્સ મોડાસાના સભ્યોએ અને નેશનલ કમિટી મેમ્બર શ્રી નિલેશભાઈ જોશી જોન કાઉન્સિલર પ્રવીણભાઈ પરમાર, કાઉન્સિલર વનીતાબેન પટેલ અને તમામ સભ્યો દ્વારા નવી નિમણૂક પામેલ પ્રમુખ અને મંત્રીશ્રીઓને ખુબ ખુબ અભિનંદન આપી અને શુભેચ્છાઓ પાઠવી હતી

# ૩૫ ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરાઈ




**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ૩૫ ગુજરાત બટાલિયન એનસીસી, પાલનપુર દ્વારા ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં કુલ ૩૬૦ એનસીસી કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉજવણી અંતર્ગત મોડેલ સ્કૂલ નીલપુર, ગાયત્રી વિદ્યાલય થરાદ, જી.વી. આર્ટ્સ કોલેજ દિયોદર, જેગોલ સ્કૂલ તેમજ કોદરામ સ્કૂલ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તમામ સંસ્થાઓમાં એનસીસી કેડેટ્સ દ્વારા સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં આપેલા યોગદાન, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા અંગેના વિચારોને લોકો સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે બ્લોક તથા જિલ્લા સ્તરે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિસ્તબદ્ધ કૂચ દ્વારા કેડેટ્સે રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશભક્તિનો પ્રભાવશાળી સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત, યુવાનોને સરદાર પટેલના હિંમત, દૃઢ નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણના આદર્શોથી પ્રેરિત કરવા માટે ગ્રામીણ યુવા એકતા શિબિરોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમો દરમિયાન કેડેટ્સ દ્વારા સૂત્રોચ્ચાર, પોસ્ટર પ્રદર્શન અને વિવિધ જાગૃતિ પ્રવૃત્તિઓ યોજી સમાજમાં પ્રેરણાદાયક સંદેશ ફેલાવવામાં આવ્યો હતો. "એક ભારત, શ્રેષ્ઠ ભારત" ની ભાવનાને સાકાર કરવા માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આયોજનની પ્રશંસા કરી હતી. ૩૫ ગુજરાત બટાલિયન એનસીસી, પાલનપુર દ્વારા આયોજિત આ તમામ કાર્યક્રમો સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિને સમર્પિત હતા અને યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, શિસ્ત તથા નેતૃત્વના મૂલ્યોને મજબૂત બનાવવામાં સફળ સાબિત થયા હતા.

# મોડાસા ટાઉન પોલીસે પાલનપુર ગામની સીમમાંથી વિદેશી દારૂ ઝડપી પાડ્યા




**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
મોડાસા ટાઉન પીઆઈ ડી.બી વાળા અને પી.એસ.આઈ એસ. એસ મલેક તેમજ ટીમને બાતમી મળી હતી

પાલનપુર ગામથી મોડાસા તરફ એક સ્વીફટગાડી નંબર પ્લેટ વગરની દારૂ ભરીને આવવાની છે

તે આધારે વોચ ગોઠવતા સામેથી આવી રહેલી જૈકું કાર નો ચાલક પોલીસને જોઈ કાર નવિન બનતા રેલ્વેના ગરનાળા પાસે કાર મુકી અંધારાનો લાભ લઈને ખુલ્લા ખેતરોમાં ભાગી છૂટયો હતો

પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂ મળી આવ્યો હતો કાર અને દારૂ મળી કુલ રૂપિયા ૪.૬૨૪૭૦/

નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે

# લાખણીના યુવાનોના પદયાત્રા સંઘનું દ્વારકા જવા પ્રસ્થાન




**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
જગ વિખ્યાત દ્વારકાધીશ ભગવાનના દર્શનનો અનેરો મહિમા રહેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી દ્વારકાધીશના પગપાળા દર્શન કરવાની પરંપરા ભાવિકોમાં વિશેષ લોકપ્રિય બની ગઈ છે.જેના કારણે ગુજરાતભરના વિવિધ વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ પદયાત્રા દ્વારા દ્વારકાધીશના ચરણોમાં માથું નમાવવા જાય છે.

આ શ્રદ્ધાભાવની પરંપરાને આગળ વધારતા વાવ–થરાદ જિલ્લાના લાખણી ગામના યુવાનો દ્વારા આજે હિંગળાજ માતાજીના દર્શન કરી દ્વારકાધીશ તરફ પગપાળા યાત્રા સંઘનો ભક્તિભાવ પૂર્વક પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધાર્મિક ઉત્સાહ અને એકતા સાથે શરૂ થયેલી આ યાત્રામાં યુવાનોમાં વિશેષ ઉમંગ જોવા મળ્યો હતો.ત્યારે ભગવાન દ્વારકાધીશના જયજયકારથી ગગન ગુંજી ઉઠ્યું હતુ.

ઉલ્લેખનીય છે કે લાખણી ગામના યુવાનો છેલ્લા પાંચ વર્ષથી નિયમિત રીતે પગપાળા દ્વારકાધીશના દર્શન માટે પદયાત્રા કરે છે. ભક્તિ, ભાવ અને સહકાર સાથે કરવામાં આવતી આ યાત્રા અન્ય યુવાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.

# થરાદના મોટા મેસરા ગામે કપિલા ગૌમાતાનું ગૌલોક વાસ થતાં વિધિવત રીતે સમાધિ આપવામાં આવી

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
ગાય આપણી માતા છે અને ગાયની સેવા કરવી એ આપણો હિન્દુઓનો મોટામાં મોટો ધર્મ છે થરાદ તાલુકાના મોટા મેસરા ગામે પોતાના ઘરે ૧૫ જેવી દેસી કાંકરેજ ઓલાદની ગૌમાતા અને શિવ સ્વરૂપ નંદી મહારાજની દેવ ભાવથી નિસ્વાર્થ સેવા કરતા એવા ખૂબજ ગૌપ્રેમી અને સેવાભાવી ચૌહાણ દલપતસિંહ ઈન્દ્રસિંહના ઘરે આજે કાંકરેજ ઓલાદની કપિલા પુનમ ગૌમાતાનું ગૌલોક ધામમાં વાસ થયો હતો તો તેની અંતિમ ક્રિયા હિંદુ શાસ્ત્રો પ્રમાણે વિધિવત સમાધિ આપી કરવામાં આવી હતી જેમાં અલગ અલગ ગામડાઓમાંથી ગૌપ્રેમીઓએ ગૌમાતાની અંતિમયાત્રામાં હાજરી આપી હતી આ એક એવી દિવ્ય અને ચમત્કારી ગૌમાતા હતી કે જે હજારો ગાયો માંથી એક ગૌમાતા આવી હોય છે આ કપિલા ગૌમાતાની સમાધિ કાર્યમાં શાસ્ત્રી રમેશભાઈ પૂનમચંદ દવે , અણદાભાઈ રાજપૂત , સુરેશભાઈ , હીરાભાઈ , બાબુભાઈ , તેજાભાઈ , ડૉ. શાંતિભાઈ માળી , ભાવેશભાઈ રાજપુત , મશરૂભાઈ રબારી, વસનાભાઈ રબારી , સોમતા બા પટેલ હાથાવાડા સહિત અનેક ગૌભક્તોએ પુષ્પાંજલિ અર્પણ કરી ગૌમાતાને અંતિમ વિદાય આપી હતી વધુમાં આપણા ગૌમાતા બચાવો અભિયાનના ગૌભક્ત શ્રી વસંતભાઈ દેસાઈ પાવડાસણે જણાવ્યું હતું કે આ ગૌમાતાના માલિક પરમ ગૌભક્ત શ્રી દલપતસિંહ ચૌહાણના ગૌમાતા પ્રત્યેનો અનોખો પ્રેમ જોઈ પરમ પૂજ્ય જગતગુરુ શ્રી અવીમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજના હાથે સન્માનિત પણ કરવામાં આવ્યા હતા અને આપણા બનાસકાંઠા વિસ્તારમાં એમનો ગૌમાતા પ્રત્યે એક અદભુત ગૌપ્રેમ એ ગૌમાતાની સેવા અને રક્ષા માટે એક અલગ ઉદાહરણ બની રહ્યું છે આ ધરતી ઉપર આ દિવ્ય અને ચમત્કારી



કપિલા ગૌમાતાના દર્શનથી હજારો દુઃખિયારના ના દુઃખો દૂર થઈ જતા હતા અને આવી સાક્ષાત દેવી સ્વરૂપ ગૌમાતાઓની સેવા અને રક્ષાથી આપણું માનવ જીવન પણ ધન્ય બની શકે છે એના માટે આપણે સૌએ પોત પોતાના ઘરે એક વેદલક્ષણા ગૌમાતાને ઘરે રાખીને સેવા પુજા અવશ્ય કરવી જોઈએ..

# માલપુર મિત્રમંડળ પરિવારનું "પંચમ" સ્નેહમિલન



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
શ્રી પી જી મહેતા હાઇસ્કૂલ, માલપુર, એસ એસ સી બેચ, વર્ષ ૧૯૭૧ના સહાધ્યાયીઓનું પાંચમું સ્નેહમિલન દર વર્ષની જેમ આનંદ-ફાર્મ રિસોર્ટ, દલપુર, હિંમતનગર ખાતે તા. ૨૧/૧૨/૨૦૨૫ના રોજ યોજાઈ ગયું.

આનંદ-ફાર્મ, દલપુરના માલિક અને માલપુરના ભાણેજ શ્રી રાકેશભાઈ એમ. શાહે સ્પોન્સર કરેલા આ સ્નેહમિલનમાં ૬૫ જેટલા મિત્ર-પરિવારો સવારે ૯.૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી પરસ્પર મળ્યા, ઝૂમ્યા, નાચ્યા, જૂની સ્મૃતિઓ તાજી કરી અને છુટા પડ્યા.

ડિસેમ્બરની ફુલગુલાબી ખુશનુમા સવારે કોઈ મિત્રો પોતાના વાહનમાં તો ઘણા લક્ઝરી બસમાં આનંદ-ફાર્મ પહોંચી ગયા હતા. રાકેશભાઈની સૂઝબૂઝ હેઠળ બનેલા આહલાદક અને રમણીય આનંદ ફાર્મમાં મિત્રોએ સુંદર મજાનું બ્રેક-ફાસ્ટ લઈ અને લટાર મારી. લીલીછમ હરિયાળી લોન્સ, સ્વિમિંગ પુલ, નાનાં નાનાં પોન્ડસ, ફુવારા બધું મનમોહક હતું. આટલો બધો ઉદ્યમ અને યશકીર્તિ હોવા છતાં રાકેશભાઈ એકદમ સીધાસાદા, વિનમ્ર, વિવેકી અને પરગજુ વ્યક્તિ છે. તેમના સ્વભાવમાં સત્કાર કે સન્માનની કોઈ અપેક્ષા હોતી નથી. છતાં, મિત્રમંડળના પ્રેમ અને લાગણીવશ તેમનું બુકે અને શાલ ઓઢાડી યથોચિત સન્માન કરાયું, ત્યારે લાગણીસભર દ્રશ્યો સર્જાયાં હતા. ભીની આંખે મિત્રોએ ભણાભાઈ શ્રી રાકેશભાઈ શાહ અને તેમનાં ધર્મપત્ની માયાબેન વિશે સુંદર શબ્દો પ્રયોજ્યા ત્યારે વાતાવરણ ભાવવિભોર થઈ ગયું હતું. પ્રતિભાવમાં રાકેશભાઈએ ગળગળા અવાજમાં જણાવ્યું કે તેમનાં સ્વર્ગસ્થ માતાપિતાને આજે ખૂબ સંતોષ અને આનંદ પહોંચ્યો હશે, અને બીજાં બે વરસ સુધી સ્નેહસંમેલન ×અહીં આ જ રિસોર્ટમાં કરજો× એવી હૃદયની લાગણી વ્યક્ત કરી હતી.

મિત્ર પરિવારોએ બપોરે હાઈ ક્વોલિટી ગુજરાતી લંચ લીધુ. બાદમાં મિત્રોએ તેમની મિટિંગ કરી અને દિવંગત મિત્રો અને તેમનાં સ્વજનોને ભાવપૂર્વક યાદ કરી મૌન પાળ્યું. ગેરહાજર મિત્રોએ પાઠવેલા શુભેચ્છા-સંદેશાઓની નોંધ લેવાઈ. પરેશ મહેતા, ભાસ્કર ભટ્ટ, જશવંતસિંહ રાઠોડ, દિલીપ સોની, શંકર પટેલે ભાવિભોરપણે સ્કુલ જીવનની બચપણની જૂની સ્મૃતિઓ તાજી કરી હતી તો પ્રજ્ઞાબેન ભટ્ટે કૃષ્ણભક્તિનું સુંદર ગીત રજૂ કર્યું હતું. આગામી વર્ષ ૨૦૨૬ના ડિસેમ્બરમાં સ્નેહમિલન માટે, બિપિન જયસ્વાલ અને જિગર જયસ્વાલે તેમના દેવગઢ બારીયા પાસે આવેલા વાટિકા રિસોર્ટની સ્પોન્સરશીપની જાહેરાત કરી હતી. સમાપનમાં રોહિત ઉપાધ્યાયે આભારવિધિ કરી હતી. સુરેન્દ્ર કડિયાએ સંચાલન કર્યું હતું.

સાંજનો ચા-નાસ્તો કરી, રાકેશભાઈના પ્રેમને યાદ કરતાં કરતાં, મિત્રો ફરી મળવાના સંકલ્પ સાથે છૂટા પડ્યા હતા.

# મોડાસાની મખદુમ સ્કૂલ પાસે મોટો ખાડો

## રાહદારી તેમજ સ્કૂલના બાળકોને પડી જવાનો ભય



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
મોડાસાના ડુગરવાડા ચોકડી પાસે આવેલી મખદુમ હાઈસ્કૂલમાં હજારો બાળકો અભ્યાસ અર્થે આવતા હોય છે

પરંતુ હાઈસ્કૂલની દિવાલને અડીને એક મોટો ખાડો કેટલા સમયથી પડી ગયો છે

જેની કોઈ દરકાર લેતું નથી આ માર્ગ ઉપર સતત અવરજવર રહેતી હોય છે

જ્યારે સ્કૂલ ના સમય દરમિયાન વિદ્યાર્થીઓની આવન જાવન રહે છે

કોઈ જાનહાની સર્જાય તે પહેલા મોડાસા નગરપાલિકા દ્વારા સત્વરે ખાડાને પુરવામાં આવે તેવી લોકોની માંગ છે

# શ્રી વી.એસ. શાહ પ્રા.શાળામાં દયા ફાઉન્ડેશન દ્વારા પ્રકૃતિ જાગૃતિ કાર્યક્રમ



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
મોડાસા સરસ્વતી બાલ મંદિર મંડળ સંચાલિત શહેરની શ્રી વી.એસ. શાહ પ્રાથમિક શાળામાં દયા ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રકૃતિપ્રેમ અને જીવદયા અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન બાળકોને પ્રકૃતિનું મહત્વ તેમજ પ્રકૃતિના વિવિધ જીવો વિશે માહિતી આપવામાં આવી હતી.

દયા ફાઉન્ડેશનના નિષ્ણાતોએ જયેશ ભટ્ટ ખાસ કરીને સાપ આપના જુદા જુદા પ્રકાર ઝેરી બિનજેરી ગુજરાતમાં કયા પ્રકારના ઝેરી સાપ છે કયા નથી વિષય પર વિસ્તૃત સમજ આપતા જણાવ્યું હતું કે સાપ સ્વભાવથી નુકસાનકારક નથી અને તેઓ પ્રકૃતિના સંતુલન માટે અત્યંત જરૂરી છે. સાપને કારણે થતી ગેરસમજ અને ભય દૂર કરી, તેમને બચાવવા અને નુકસાન ન પહોંચાડવા અંગે બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જીવદયા પ્રેમી સંસ્થાના પ્રમુખ નિલેશ જોશી હાજર રહી ને પર્યાવરણ સંરક્ષણ અને પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વનો સંદેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરમાં ભાગ લીધો હતો અને કાર્યક્રમને શિક્ષકો તથા શાળા આચાર્ય સુનિલ પટેલ શૈલેષ ગાંધી બાળકો માર્ગદર્શન આપ્યું કાર્યક્રમનું સંચાલન રક્ષાબેન જોષી દ્વારા કરવામાં આવ્યું સંચાલકો અને વાલીઓ દ્વારા વખાણવામાં આવ્યો હતો.આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો દ્વારા આવનારી પેઢીમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા અને જવાબદારી વિકસે તેવું આયોજન દયા ફાઉન્ડેશન દ્વારા સતત કરવામાં આવે છે

# ઉદ્યોગપતિ દિપક ઈજારદારે દીકરાના જન્મદિવસે રસ્તો જામ કર્યો!

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
સુરત,

સુરતના ઉદ્યોગપતિની દાદાગીરીનો કિસ્સો સામે આવ્યો છે. ડુમસ ગામના ઉદ્યોગપતિએ જાહેર રોડ જામ કરી જન્મ દિવસની ઉજવણી કરી હતી. એટલું જ નહિ, રસ્તા જામ કરવા પર દિપક ઈજારદારે રાહદારીઓ પર ગુસ્સો પણ ઠાલવ્યો હતો.

સુરતના ડુમસ ગામના ઉદ્યોગપતિ દિપક ઈજારદારે રસ્તા પર દીકરાના જન્મની ઉજવણી કરતા વિવાદ સર્જાયો છે. દિપક ઈજારદારે દીકરાના જન્મદિવસની ઉજવણી રસ્તા પર કરી હતી. હાથમાં ફટાકડા લઈને આતશબાજી કરી હતી.

આટલું જ નહિ, લોકોએ રોડ ખુલ્લો કરવા હોર્ન માર્યા તો દિપક ઈજારદારે રાહદારીઓ પર દાદાગીરી કરી હતી.

રાહદારીને આતશબાજી તેના ગાડી પર ટાંકી ગાડી પર કરવાની ચીમકી આપી હતી. ત્યારે દિપક ઈજારદારની દાદાગીરીના વીડિયો પણ સામે આવ્યા છે. આમ, દીકરાના જન્મ દિવસે ઉદ્યોગપતિએ જાહેરમાં તાયફા કર્યા હતા.

સામાન્ય નાગરિકોને નિયમો તોડવા પોલીસ કાયદેસરની કાર્યવાહી કરી પાઠ ભણાવે છે. તો આરોપીઓનું સરઘસ કાઢવામાં સુરત પોલીસ માહેર છે. ત્યારે આવા ઉદ્યોગપતિ પર પોલીસ શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું. દિપક ઈજારદાર અગાઉ પણ વિવાદમાં આવી ચૂક્યો છે.

ડુમસ ગામમાં આવેલ સુલતાનાબાદમાં રહેતા દીપક ઈજાદારે તેના બે થી ત્રણ બોડીગાર્ડ સાથે મળી તેમના ગામમાં બાપુજીની વાડી નામના બંગલોમાં રહેતા પટેલ પરિવારને ધમકાવ્યો હતો. એટલું જ નહીં તેના ઘરના આંગણામાં ઘૂસી જઈ પરણીતા અને તેના બંને પુત્રને ગોળી મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી આખરે ભોગ બનનાર પરણીતાએ આ મામલે ડુમસ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દીપક ઈજારદાર અને તેના બે થી ત્રણ બોડીગાર્ડ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. 'તારા બાપનો રોડ છે.. કહીને ડુમસમાં દિપક ઈજારદાર બોડીગાર્ડ સાથે મહિલાના ઘરમાં ઘુસી ગયો અને ગાળો ભાંડી હતી.

# ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ ટીમ રેન્કિંગ જાહેર કર્યું

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
દુબઈ,

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ ટીમ રેન્કિંગ જાહેર કર્યું છે જેમાં ત્રણેય ફોર્મેટ ટેસ્ટ, ODI અને T20માં અલગ ચિત્ર જોવા મળે છે: ઓસ્ટ્રેલિયાએ ટેસ્ટ ક્રિકેટમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે, જ્યારે ભારતનું વર્ચસ્વ મર્યાદિત ઓવરના ક્રિકેટમાં સ્પષ્ટપણે દેખાય છે. લેટેસ્ટ ICC ટેસ્ટ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને છે. ઓસ્ટ્રેલિયાએ ૩૦ ટેસ્ટ મેચમાં ૩૭૩૨ પોઈન્ટ અને ૧૨૪ રેટિંગ મેળવ્યા છે. ઓસ્ટ્રેલિયાએ તેની મજબૂત ફાસ્ટ બોલિંગ અને અનુભવી બેટિંગને કારણે આ સ્થાન જાળવી રાખ્યું છે.

દક્ષિણ આફ્રિકા ૩૫૮૧ પોઈન્ટ અને ૩૧ મેચમાં ૧૧૬ રેટિંગ સાથે બીજા સ્થાને છે. ઈંગ્લેન્ડ ૪૦ મેચમાં ૪૪૬૯ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. ભારત ૩૯ મેચમાં ૪૦૬૪ પોઈન્ટ અને ૧૦૪ રેટિંગ સાથે ચોથા સ્થાને છે. ન્યુઝીલેન્ડ ૨૯ મેચમાં ૨૮૩૯ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે.

ODI ક્રિકેટમાં ભારત પ્રથમ સ્થાને રહ્યું છે. ભારતે ૪૨ મેચોમાં ૫૦૮૯ પોઈન્ટ મેળવ્યા છે અને તેને ૧૨૧ રેટિંગ આપવામાં આવ્યું છે. સતત પ્રદર્શન અને સંતુલિત ટીમ સંયોજન ભારતની સૌથી મોટી તાકાત રહી છે.

ન્યુઝીલેન્ડ ૪૪ મેચોમાં ૪૯૫૬ પોઈન્ટ અને ૧૧૩ રેટિંગ સાથે બીજા સ્થાને છે. ઓસ્ટ્રેલિયા ૩૮ મેચોમાં ૪૧૩૪ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. પાકિસ્તાન ૪૧ મેચોમાં ૪૨૯૪ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે, જ્યારે શ્રીલંકા ૪૪ મેચોમાં ૪૩૯૨ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે. ભારત T20 આંતરરાષ્ટ્રીય રેક્કિંગમાં પણ નંબર વન રહ્યું છે. ભારતે ૭૧ મેચોમાં ૧૯૩૧૨ પોઈન્ટ મેળવ્યા છે અને તેને ૨૭૨ રેટિંગ આપવામાં આવ્યું છે. ટીમને આક્રમક બેટિંગ અને તેના યુવા ખેલાડીઓના ઉત્તમ પ્રદર્શનનો ફાયદો થયો છે.

ઓસ્ટ્રેલિયા ૪૨ મેચોમાં ૧૧,૧૯૯ પોઈન્ટ અને ૨૬૭ રેટિંગ સાથે બીજા સ્થાને છે. ઈંગ્લેન્ડ ૪૫ મેચોમાં ૧૧,૬૦૯ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. ન્યુઝીલેન્ડ ચોથા અને દક્ષિણ આફ્રિકા પાંચમા સ્થાને છે. હાલમાં, ટીમ ઈન્ડિયા આઈસીસી ટી૨૦ રેન્કિંગમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ભારતનું રેટિંગ હાલમાં ૨૭૨ છે. ઓસ્ટ્રેલિયા ૨૬૭ રેટિંગ સાથે બીજા સ્થાને છે. આનો અર્થ એ થયો કે પ્રથમ અને બીજા ક્રમે રહેલી ટીમો વચ્ચે નોંધપાત્ર અંતર છે અને તે ટૂંક સમયમાં પૂરું થાય તેવું લાગતું નથી. ભારત આગામી કેટલાક સમય માટે ટોચના સ્થાને રહેશે, ભલે તેઓ મેચ હારી જાય.

# ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બાનીઝની સાથે ધક્કામુક્કી



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
સિડની,

સિડનીના બોન્ડી બીચ પર થયેલા ભીષણ આતંકવાદી હુમલા બાદ સ્થિતિ વણસી રહી છે. આ હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચેલા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનીઝને જનતાના ભારે રોષનો સામનો કરવો પડ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, શ્રદ્ધાંજલિ કાર્યક્રમ દરમિયાન લોકોએ વડાપ્રધાન વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ હતી કે તેમને ધક્કામુક્કીનો પણ સામનો કરવો પડ્યો હતો. સુરક્ષાના કારણોસર વડાપ્રધાનને અંધારામાં ત્યાંથી બહાર કાઢવા પડ્યા હતા. લોકોએ તેમને 'નબળા અને ખતરનાક' ગણાવીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. નોંધનીય છે કે, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ એક યહૂદી તહેવાર દરમિયાન બે બંદૂકધારીઓએ કરેલા અંધાધૂંધ ગોળીબારમાં ૧૫ લોકોના મોત થયા હતા. ઓસ્ટ્રેલિયા સરકારે તેને આતંકવાદી હુમલો જાહેર કર્યો છે. જોકે, સ્થાનિક યહૂદી સમુદાય અને નાગરિકોનો આરોપ છે કે સરકાર દેશમાં વધી રહેલી યહૂદી વિરોધી ભાવનાઓને રોકવામાં નિષ્ફળ રહી છે. લોકોમાં એવી પણ ચર્ચા છે કે વડાપ્રધાને ઈઝરાયલને સમર્થન આપવાને બદલે પેલેસ્ટાઈનનો પક્ષ લીધો અને પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપવાના તેમના નિર્ણયને કારણે સુરક્ષા વ્યવસ્થા નબળી પડી છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનની સાથે ગૃહમંત્રી ટોની બર્ક અને નાયબ વડાપ્રધાન રિચર્ડ માર્લ્સ પણ હાજર હતા, પરંતુ રાષ્ટ્રીય એકતા દર્શાવવા માટે આયોજિત આ કાર્યક્રમ જનતાના આક્રોશનું કેન્દ્ર બની ગયો હતો. આ ઘટના બાદ વડાપ્રધાન અલ્બાનીઝે પોલીસ અને રાષ્ટ્રીય તપાસ એજન્સીઓની કામગીરીની સમીક્ષા કરવાની જાહેરાત કરી છે. તેમણે સ્વીકાર્યું કે આ હુમલો ISISથી પ્રેરિત હતો અને બદલાતા સુરક્ષા માહોલને જોતા એજન્સીઓએ વધુ સજ્જ થવાની જરૂર છે.

# ન્યૂઝીલેન્ડ-વેસ્ટ ઈન્ડિઝ મેચમાં તૂટ્યો ૧૨ વર્ષ જૂનો રેકોર્ડ

## ન્યુઝીલેન્ડે સીરિઝ ૨-૦થી જીતી : બીજી મેચ ડ્રો રહી, સીરિઝની છેલ્લી મેચ માઉન્ટ માઉંગાનુઈમાં રમાઈ હતી



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
માઉન્ટ માઉંગાનુઈ,

ત્રણ મેચની સીરિઝ માટે ન્યુઝીલેન્ડના પ્રવાસે ગયેલી વેસ્ટ ઈન્ડિઝની ટીમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું. તેઓ એક પણ મેચ જીતી ન શક્યા. ન્યુઝીલેન્ડે સીરિઝ ૨-૦થી જીતી લીધી. બીજી મેચ ડ્રો રહી. સીરિઝની છેલ્લી મેચ માઉન્ટ માઉંગાનુઈમાં રમાઈ હતી, જ્યાં યજમાન ન્યુઝીલેન્ડે વેસ્ટ ઈન્ડિઝને ૩૨૩ રનથી કારમી હાર આપી હતી. છેલ્લી મેચમાં બંને ટીમોએ ૧૪૦૦ થી વધુ રન બનાવ્યા, જેણે ૧૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

વાસ્તવમાં માઉન્ટ માઉંગાનુઈમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચ બંને ટીમો વચ્ચે ઈતિહાસના સૌથી વધુ રન બનાવનારી મેચ સાબિત થઈ. આ મેચમાં બંને ટીમોએ કુલ ૧,૪૩૯ રન બનાવ્યા. આ પહેલા સૌથી વધુ રન બનાવનારી મેચ ૨૦૧૩માં ડ્યુનેડિનમાં રમાઈ હતી, જેમાં કુલ ૧,૪૦૮ રન બનાવવામાં આવ્યા હતા. પરંતુ હવે આ બંને ટીમોએ ૧,૪૩૯ રન બનાવ્યા છે અને આ રેકોર્ડ તોડી નાખ્યો છે. આ મેચમાં ન્યુઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોએ સંયુક્ત રીતે કુલ ૧,૪૩૯ રન બનાવ્યા. આ NZ vs WI ટેસ્ટ મેચમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ છે.

પ્રથમ ઈનિંગમાં બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે ૮ વિકેટ ગુમાવીને ૫૭૫ રન બનાવ્યા અને પછી ઈનિંગ ડિકલેર કર્યો હતો. ટોમ લેથમે ૧૩૭ રન બનાવ્યા, જ્યારે ડેવોન કૉનવેએ ૨૨૭ રન બનાવ્યા હતા. તેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૪૨૦ રન બનાવ્યા હતા. કિવી ટીમ માટે બંને ઓપનરોએ બીજી ઈનિંગમાં સદી ફટકારી. લાથમે ૧૦૧ રન બનાવ્યા હતા જ્યારે કૉનવેએ ૧૦૦ રન બનાવ્યા. કિવી ટીમે ૩૦૬/૨ પર ઈનિંગ ડિકલેર કરી, જેનાથી વેસ્ટ ઈન્ડિઝને ૪૬૨ રનનો મોટો ટાર્ગેટ મળ્યો. ટાર્ગેટનો પીછો કરતા વેસ્ટ ઈન્ડિઝ ૧૩૮ રનમાં ઓલઆઉટ થઈ ગયું અને ૩૨૩ રનથી મેચ હારી ગયું.

આ મેચમાં જ્યારે આપણે બંને ઈનિંગ્સના ટોટલ રન ઉમેરીએ છીએ તો તે ૧૪૩૯ થાય છે. કુલ ૫ સદી ફટકારવામાં આવી હતી. ૪ સદી તો બંને કિવી ઓપનરોએ ફટકારી હતી અને એક વેસ્ટ ઈન્ડીઝની પ્રથમ ઈનિંગ્સમાં આવી હતી, જે કાવેમ હૉજે ફટકારી હતી. તેણે ૨૭૫ બોલમાં ૧૫ ચોગ્ગાની મદદથી ૧૨૩ રન બનાવ્યા હતા. આખી મેચમાં કુલ ૪૦ વિકેટ પણ પડી હતી. ન્યૂઝીલેન્ડે પહેલા બેટ અને પછી બોલથી શાનદાર પ્રદર્શન કર્યું અને વેસ્ટ ઈન્ડીઝ સામે મોટી જીત નોંધાવીને સીરિઝ ૨-૦થી પોતાના નામે કરી. બીજી ઈનિંગમાં ન્યૂઝીલેન્ડ તરફથી જેકબ ડફીએ ૪૨ રન આપીને ૫ બેટ્સમેનોની વિકેટ લીધી હતી, જ્યારે એજાઝ પટેલે ૨૩ રન આપીને ૩ વિકેટ ખેરવી હતી.

NZ vs WI ટેસ્ટ મેચમાં સૌથી વધુ રન વાળી ટોપ-૪ મેચ

૧૪૩૯ રન માઉન્ટ માઉંગાનુઈ ટેસ્ટ (ડિસેમ્બર ૨૦૨૫)

૧૪૦૮ રન ડ્યુનેડિન ટેસ્ટ (ડિસેમ્બર ૨૦૧૩)

૧૩૪૮ રન - કિંગ્સ્ટન ટેસ્ટ (ફેબ્રુઆરી ૧૯૭૨)

૧૩૨૧ રન - ક્રાઈસ્ટચર્ચ ટેસ્ટ (ડિસેમ્બર ૨૦૨૫)

# ઉસ્માન હાદી બાદ વધુ એક છાત્ર પર હુમલો, માથામાં મારી ગોળી

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
ઢાકા,

બાંગ્લાદેશમાં છાત્ર રાજનીતિ સાથે જોડાયેલા નેતાઓ પર હિંસાનો સિલસિલો યથાવત છે. ૨૦૨૪ના છાત્ર આંદોલનના મુખ્ય ચહેરા ઉસ્માન હાદીના મોત બાદ હવે સોમવારે વધુ એક છાત્ર નેતા પર જીવલેણ હુમલો થયો છે. આ ઘટના બાદમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલો તણાવ ઉગ્ર બની ગયો છે. ડેલી સ્ટારના રિપોર્ટ પ્રમાણે નેશનલ સિટિઝન પાર્ટી (NCP) ના નેતા મોતાલેબ સિકદર પર સોમવારે ખુલનામાં ગોળીબાર થયો છે. હુમલાખોરોએ તેના માથાને નિશાન બનાવ્યું છે. મોતાલેબ એનસીપીથી ખુલના ડિવિઝનલ ચીફ અને એનસીપી શ્રમિક શક્તિના કેન્દ્રીય આયોજક છે. પોલીસ અનુસાર આ હુમલો સવારે આશરે ૧૧.૪૫ કલાકે થયો છે. ગોળીબારમાં ઈજાગ્રસ્ત મોતાલેબ સિકદરને ગંભીર હાલતમાં ખુલના મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો છે. સોનાગાંડા મોડલ પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી અનિમેષ મંડલે જણાવ્યુ કે ગોળી કાનના એક ભાગને અડીને બહાર નીકળી ગઈ. તેમણે કહ્યું કે હાલ મોતાલેબ ખતરામાંથી બહાર છે.

નેશનલ સિટિઝન્સ પાર્ટીની સ્થાપના આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ કરવામાં આવી હતી. તેની રચના સ્ટુડન્ટ્સ અગેઈન્સ્ટ ડિસ્ક્રિમિનેશન અને રાષ્ટ્રીય નાગરિક સમિતિના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી અને તેને બાંગ્લાદેશનો પ્રથમ વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળનો રાજકીય પક્ષ માનવામાં આવે છે. ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી પછી આ પાર્ટી અસ્તિત્વમાં આવી હતી. આ પહેલા ૨૦૨૪ના છાત્ર આંદોલનના નેતા ઉસ્માન હાદીનું ગુરૂવારે મોત થઈ ગયું હતું. તે ૧૨ ડિસેમ્બરે ઢાકામાં એક હુમલામાં ઈજાગ્રસ્ત થયો હતો. તેને સારવાર માટે ૧૫ ડિસેમ્બરે એરલિફ્ટ કરી સિંગાપુર જનરલ હોસ્પિટલના ન્યૂરોસર્જિકલ આઈસીયુમાં દાખલ કરાવવામાં આવ્યો હતો, પરંતુ ૧૮ ડિસેમ્બરે તેનું મોત થયું હતું.

# ભાજપે એક જ પરિવારના ૬ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં ઉતાર્યા



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
મુંબઈ,

મહારાષ્ટ્રના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ એકતરફી પ્રભુત્વ જમાવ્યું હોવા છતાં, નાંદેડ જિલ્લાની લોહા નગરપાલિકામાં પક્ષને કારમો પરાજય સહન કરવો પડ્યો છે.

ભાજપે અહીં પરિવારવાદનો દાવ ખેલતાં એક જ પરિવારના છ સભ્યોને ટિકિટ આપી હતી, પરંતુ અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ(NCP) આ તમામ છ ઉમેદવારોને હરાવીને ભાજપના ગઢમાં મોટું ગાબડું પાડ્યું છે. ખાસ વાત એ છે કે અજિત પવાર પોતે દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં નાયબ મુખ્યમંત્રી છે અને મહાયુતિ ગઠબંધનનો હિસ્સો છે, તેમ છતાં લોહામાં બંને પક્ષો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી.

લોહા નગરપાલિકામાં મેયર પદ માટે ભાજપે પ્રભાવશાળી નેતા ગજાનન સૂર્યવંશી પર પસંદગી ઉતારી હતી, પરંતુ એનસીપીના શરદ પવારે તેમને પરાજય આપ્યો હતો. ગજાનન સૂર્યવંશી ઉપરાંત તેમના પત્ની ગોદાવરી, ભાઈ સચિન, ભાભી સુપ્રિયા, બનેવી યુવરાજ વાઘમારે અને ભત્રીજાની પત્ની રીના વ્યવહારે એમ પરિવારના તમામ છ સભ્યો ચૂંટણી હારી ગયા છે. લોહા નગર પરિષદમાં એનસીપીનું વર્ચસ્વ જોવા મળ્યું હતું, જ્યાં પ્રમુખ પદ સહિત કુલ ૧૭ બેઠકો પર એનસીપીનો વિજય થયો છે, જ્યારે ભાજપ, શિવસેના(UBT) અને કોંગ્રેસના ફાળે માત્ર એક-એક બેઠક આવી છે.

ચૂંટણી પહેલા એક જ પરિવારના છ સભ્યોને મેદાનમાં ઉતારવાના ભાજપના નિર્ણયની ભારે ટીકા થઈ હતી. વિપક્ષી ગઠબંધન મહાવિકાસ અઘાડીએ (MVA) ભાજપ પર 'વંશવાદી રાજનીતિ'નો આરોપ લગાવીને કટાક્ષ પણ કર્યો હતો. અજિત પવાર જૂથના નેતા પ્રતાપરાવ ગોવિંદરાવ ચીખલીકરે પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપને સ્થાનિક સ્તરે યોગ્ય ઉમેદવારો ન મળતાં તેમણે એક જ પરિવાર પર નિર્ભર રહેવું પડ્યું હતું. નાંદેડ જિલ્લામાં અશોક ચવ્હાણ જેવા દિગ્ગજ નેતા ભાજપમાં જોડાયા હોવા છતાં લોહામાં પક્ષની આ હાર ચર્ચાનો વિષય બની છે. સમગ્ર જિલ્લાની વાત કરીએ તો એનસીપીએ લોહા, કંધાર, દેગલૂર અને ઉમરીમાં જીત મેળવી છે, જ્યારે ભાજપે કુંડલવાડી, મુધખેડ અને ભોકર નગર પરિષદો પર કબજો જમાવ્યો છે.

# ચૂંટણીમાં જીતની ઉજવણી વચ્ચે પૂણેમાં મંદિરમાં ગુલાલ ઉડાડતાં ભયંકર આગ

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૩**
પુણે,

મહારાષ્ટ્રના પુણે જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ જેજુરીમાં નગર પરિષદ ચૂંટણીની જીતની ઉજવણી માતમમાં ફેરવાઈ ગઈ હતી. પ્રખ્યાત ખંડોબા મંદિર પરિસરમાં કાઢવામાં આવેલા વિજય સરઘસ દરમિયાન ભંડારા (પીળો ગુલાલ) ઉડાડતી વખતે અચાનક આગ ભભૂકી ઉઠતા નાસભાગ મચી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(NCP)ના બે નવનિયુક્ત મહિલા કાઉન્સિલરો સહિત કુલ ૧૬ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.

નગર પરિષદ ચૂંટણીના પરિણામો બાદ જેજુરીમાં ભવ્ય જીતનો જશ્ન ઉજવવામાં આવી રહ્યો હતો. પરંપરા મુજબ, ખંડોબા મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા ઉડાડવામાં આવતા પીળા ગુલાલ, જેને ભંડારા કહેવાય છે, તે વિજય સરઘસમાં ઉડાડવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન જ અચાનક આગની જ્વાળાઓ ઉઠી અને ખુશીનો માહોલ ભય અને અફરાતફરીમાં ફેરવાઈ ગયો હતો. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ભીડ વચ્ચે કોઈ જ્વલનશીલ પદાર્થ અથવા ફટાકડાના સંપર્કમાં આવવાને કારણે આગ ભભૂકી ઉઠી હતી. કેટલાક સ્થાનિકોનું કહેવું છે કે ગુલાલમાં કોઈ કેમિકલયુક્ત પાવડરની ભેળસેળ કરવામાં આવી હતી, જેના કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ.



આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા ૧૬ લોકોમાં NCPના બે નવનિયુક્ત કાઉન્સિલર મોનિકા રાહુલ ઘાડગે અને કુમારી સ્વરૂપા ખોમણે પણ સામેલ છે. આ સિવાય, કાઉન્સિલર મોનિકા ઘાડગેના પતિ રાહુલ ઘાડગે પણ આ ઘટનામાં ઘાયલ થયા છે. તમામ ઘાયલોને તાત્કાલિક નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી ગંભીર રીતે દાઝી ગયેલા લોકોને પુણેની સસૂન હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં રિફર કરવામાં આવ્યા છે.

આ ઘટના પર સાંસદ સુપ્રિયા સુલેએ શોક વ્યક્ત કર્યો છે. તેમણે પ્રશાસન પાસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવાની અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સુલેએ પણ આશંકા વ્યક્ત કરી છે કે ભેળસેળયુક્ત ભંડારા જ આ આગનું કારણ હોઈ શકે છે. જેજુરી પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે અને આગ લાગવાનું ચોક્કસ કારણ શોધવાનો પ્રયાસ કરી રહી છે.

"THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009."